# ક્યારેક હું ભૂલી જાઉં છું કે હું મેરીડ છું તાપસી પન્નૂ




શો-શા

તાપસી પન્નૂને કોઈ પણ સવાલ પૂછો, તદ્દન નિખાલસતાથી અને સીધેસીધો તે જવાબ આપી દે છે. તેની વાતોથી સ્પષ્ટ થાય છે કે લોકો તેના વિશે શું વિચારશે કે લોકોને તે ગમશે કે નહીં, તેની તેણે ફિકર કરવાનું છોડી દીધું છે. પોતાનું અલગ વ્યક્તિત્વ અને અલગ વિચારસરણી રાખીને તે પોતાની શરતો પર જીવી રહી છે. અને તેને પોતાનું આ વર્ઝન ગમે છે. બસ, તે પોતાને હંમેશા ગમતી રહે તેનો જ તે ખ્યાલ રાખે છે. બોલિવૂડમાં તેણે પોતાની કારકિર્દી માટે અલગ રસ્તો અપનાવ્યો છે, ફિલ્મોમાં સ્ત્રી કેરેક્ટર્સનું અલગ ચિત્રણ કરે છે અને સમાજની જૂની પરંપરાઓ પર ફરી વિચારવિમર્શ કરવા તરફ આપણને દોરી જાય છે. આપણી સાથેની વાતચીતમાં તે તેની ફિલ્મો વિશે, તેણે જે રિસ્ક લીધાં છે તેના વિશે અને તેનાં મેરેજ વિશે વાત કરે છે.

**તેં કહ્યું હતું કે તને એવી સ્ક્રિપ્ટ જોઈએ છે, જે તને એક્શન કરવાનું નવું કારણ આપે. તારી OTT રિલીઝ ગાંધારીમાં એવું તે શું તને દેખાયું કે તે ફિલ્મ કરવાનું પસંદ કર્યું?**

અગાઉ મેં જે એક્શન કરી હતી તે મોટાભાગે ફિઝિકલ હતી. તમારે હાથ-પગ ચલાવવાના હોય, તમને એક મિશન આપવામાં આવે અને તેને પૂરું કરવા માટે તમારી પાસે એક ટીમ પણ હોય છે, જે તમને બેકઅપ આપે છે. તે ઘણી ટેક્નિકલ બાબત હતી. આ ફિલ્મમાં ભાવનાત્મક એક્શન છે. ભાવનાત્મક રીતે એક્શન કરવી ઘણી મુશ્કેલ હોય છે. આમાં તમારી પાસે કોઈ ટીમ હોતી નથી. જે કરવાનું છે તે તમારે જાતે જ કરવાનું હોય છે.

**તારી ફિલ્મોગ્રાફી સામાન્ય રોમેન્ટિક એક્ટ્રેસ જેવી રહી નથી. તને ક્યારે ખ્યાલ આવ્યો કે તારે પોતાનો અલગ રસ્તો બનાવવાનો છે?**

શરૂઆતમાં હું પણ સામાન્ય ટ્રેન્ડને અનુસરવા માગતી હતી, પરંતુ મને તેવી ફિલ્મો મળી જ નહીં. મેં સાઉથમાં મોટી ફિલ્મો કરી હતી, જેમાં હીરો મારાથી મોટી ઉંમરના હતા. મને મોટા પ્રોડક્શન હાઉસ અને મોટી ફિલ્મો મળી હતી, પણ તેમાં એટલી સફળતા મળી નહીં. મોટા એક્ટર સાથે હિટ ગીતોનો ફોર્મ્યુલા મારા માટે કામ કરતો નહોતો. મને લાગ્યું કે આ ભગવાનનો સંકેત છે. મેં હિન્દી ફિલ્મોમાં ચશ્મે બદ્દૂરથી શરૂઆત કરી હતી અને ત્યાર બાદ મને રાઘવ લોરેન્સે કંચના 2 ઓફર કરી. મને હોરર ફિલ્મો ગમતી ન હોવા છતાં મારી ગટ ફીલિંગને ધ્યાનમાં રાખીને મેં તે ફિલ્મ કરી અને સફળ પણ રહી અને બસ, ત્યારથી જ મેં મારી ગટ ફીલિંગને અનુસરવાનું શરૂ કરી દીધું. બેબીમાં પણ મારા ભાગે થોડાંક જ દૃશ્યો હતા અને એક એક્શન સીન હતો, છતાં પણ હું તે કરવા માગતી હતી. મેં ઓડિશન આપ્યું અને મને ત્યારે સમજાઈ ગયું કે હવે પોતાનો અલગ રસ્તો બનાવવાનો સમય આવી ગયો છે.

**હવે જ્યારે તું પ્રોડ્યુસર પણ બની છે, તો ફિલ્મો પ્રત્યે જોવાનો તારો દૃષ્ટિકોણ કેટલો બદલાયો છે?**

એક એક્ટર તરીકે તમારી પાસે એક સ્ક્રિપ્ટ લાવવામાં આવે છે, જેને તમે હા કે ના કહો છો. ફિલ્મ બને છે અને તે કામ પૂરું થાય છે. પણ એક પ્રોડ્યુસર તરીકે તમારે આર્ટિસ્ટોના દૃષ્ટિકોણથી અને સ્ટુડિયોના દૃષ્ટિકોણથી વસ્તુઓ જોવી અને સાંભળવી પડે છે. જ્યારે હું કોઈ એક્ટ્રેસ પાસે કોઈ ફિલ્મ લઈને જતી ત્યારે તેઓ ફિલ્મમાં જવાબદારીવાળા રોલ કરવામાં ગભરાતી હતી. તેઓ કહેતી કે, જે ફિલ્મમાં હીરો હોય તેવી ફિલ્મ કરવાની અમને ગમશે. અમારે કોઈ જવાબદારી લેવી નથી. એટલે ફિલ્મની સ્ક્રિપ્ટ એક્ટ્રેસને ધ્યાનમાં રાખીને લખાતી નથી એવું નથી. સાચું કહું તો, મેં આવું ક્યારેય વિચાર્યું નહોતું. એક એક્ટ્રેસ તરીકે મને આવા રોલ્સ કરવાના ખૂબ ગમે છે અને મને જો તક મળે તો હું તે ચોક્કસ કરીશ. હું ઘણી વાર ડિરેક્ટર પાસે ગઈ હતી અને તેઓ એક જ વાત કહેતા, ના યાર, મારે સ્ત્રીકેન્દ્રિત ફિલ્મ નથી બનાવવી. અમારું બજેટ વધારે છે અને મારે પુરુષપ્રધાન ફિલ્મ બનાવવી છે, જેમાં તમને ઘણો અવકાશ રહે છે. અને વળી, જ્યારે હું મેલ એક્ટર્સને ફિલ્મ માટે મળતી અને કહેતી કે આ સ્ત્રીકેન્દ્રિત ફિલ્મ છે, છતાં તેમાં મેલ એક્ટરનો ભાગ ઘણો મહત્ત્વપૂર્ણ છે. તમારા સીન ફીમેલ જેટલા વધારે નથી હોવાના. આ સાંભળીને કેટલાક મને મળવાનું ટાળતા, તો કેટલાક મને ના કહી શકતા નહોતા.

**તેં નવ વર્ષ સુધી ડેટિંગ કર્યું અને પછી મેરેજ કર્યાં. તને શું લાગે છે, તારા લાઇફમાં શું ચેંજ આવ્યો છે?**

મારા લાઇફમાં કોઈ ચેંજ આવ્યો નથી. જે પહેલાં હતું, તે જ આજે પણ છે. એટલે જ હું ક્યારેક ભૂલી જાઉં છું કે હું મેરીડ છું. અમારાં મેરેજ થયાં ત્યાર બાદ અમે ડેન્માર્કમાં એક ઘર ખરીદ્યું. અમારાં મુંબઈ, દિલ્હી અને દુબઈમાં ઘર પણ છે. ખાસ કરીને વિંટરમાં જ્યારે અમારું શૂટિંગ હોય કે કોઈ કામ હોય ત્યારે અમે અહીં રહીએ છીએ અને સમરમાં સખત ગરમી પડે ત્યારે ત્યાં જતાં રહીએ છીએ.

**જ્યારે તું કોઈ ફિલ્મનું શૂટિંગ ન કરતી હોય ત્યારે તું કેવી રીતે દિવસ પસાર કરે છે? ફુરસદની પળોમાં તને શું કરવાનું ગમે છે?**

સૌથી પહેલાં મને દસ કલાક સુધી સૂઈ રહેવાનું ગમશે. મને તેવું ખૂબ ગમે છે. મને વર્કઆઉટ કરવાનું ગમે છે, એટલે સ્ક્વોશ રમવાનું અને એરિયલ યોગ કરવાનું મને ગમશે. લગભગ બે કલાક હું તેમાં વિતાવી દઈશ. પછી હું સરસ મજાનું લંચ કરીશ, કારણ કે હું ખાવા માટે જીવું છું. લંચ પહેલાં હું મારા પતિ કે મારી બહેન સાથે મૂવી જોઈશ, આઉટડોર રમત રમીશ કે કોઈ અન્ય પ્રવૃત્તિ કરીશ. ત્યાર બાદ હું ફરી સૂઈ જઈશ અને પછી શોપિંગ કરીશ, બહાર રખડવા જઈશ અથવા મારા મિત્રોને મળવા જઈશ. મને તેમની સાથે વાત કરવાનું અને થોડી ગોસીપ કરવાનું પસંદ છે, કારણ કે કામ કરતા હોઈએ ત્યારે ગોસીપ કરવા મળતી નથી. •

# Aaditi Pohankar

## OTTમાં શું ડિફરન્ટ લાગે?



RAPID FIRE

**સક્સેસ માટે શોર્ટકટ કે હાર્ડ વર્ક?**
હાર્ડ વર્ક!

**લાઇફનો સૌથી મોટી સપોર્ટ સિસ્ટમ?**
ફેમિલી!

**પર્સનાલિટીનો સ્ટ્રોંગ પોઇન્ટ?**
નેવર ગિવ અપ!

**એક્ટિંગમાં મોટો થ્રિલ?**
ન્યૂ કેરેક્ટર!

**કોઈ નવો પ્રોજેક્ટ પસંદ કરતાં શું જુવે?**
સ્ટોરી અને ડિરેક્ટર!

**એક્ટિંગમાં સૌથી મોટું ચેલેન્જ?**
ઓડિયન્સને દર વખતે સરપ્રાઇઝ કરવા!

**વેબ સિરીઝમાં વધુ શું ગમે?**
સસ્પેન્સ અને ટ્વિસ્ટ!

**ફિલ્મ અને OTTમાં શું ડિફરન્ટ લાગે?**
અનએક્સપેક્ટેડ ટ્વિસ્ટ

**બોબી દેઓલ સાથે ફરી સ્ક્રીન શેર કરવી?**
એક્સાઇટિંગ!

**ન્યૂ વેબ સિરીઝ માટે ડ્રીમ કો-સ્ટાર?**
ટેલેન્ટેડ અને વર્સેટાઇલ!

**થ્રિલર સિરીઝ માટે સૌથી જરૂરી શું?**
મજબૂત સસ્પેન્સ!

**ક્રશ સામે આવે તો શું કરશે?**
સ્માઇલ!

**વેસ્ટર્ન કે ટ્રેડિશનલ?**
વેસ્ટર્ન

**મેકઅપ કે નેચરલ લુક?**
નેચરલ લુક, પણ ગ્લેમરસ ટચ સાથે! •

# અક્ષય કુમાર બહાર, 'જૉલી LLB 4' માંથી?

લાઈમ લાઈટ



બોલિવૂડની ગોસિપ ગલીઓમાં અત્યારે એટલો બધો વજનદાર કચવાટ ચાલી રહ્યો છે કે જાણે સુપ્રીમ કોર્ટમાં કોઈ હાઈ-પ્રોફાઈલ કેસની સુનાવણી ચાલતી હોય! અને વાત છે આપણી સૌની માનીતી અને હસાવતી-રવડાવતી ફ્રેન્ચાઈઝી 'જૉલી LLB' ની. ખેલાડીકુમાર અક્ષય કુમારના ફેન્સ માટે એક એવી બિગ ન્યૂઝ બ્રેક થઈ છે કે જેને સાંભળીને બધાની આંખો પહોળી થઈ ગઈ છે–ચર્ચા છે કે આગામી 'જૉલી LLB 4' માં આપણા 'જૉલી' એટલે કે અક્ષય ભાઈ કદાચ મિસિંગ રહેવાના છે!

સિનેમા જગતના ગલી-કૂચેથી ખબર આવી રહી છે કે આપણા અસલી અને પહેલા જૉલી (અરશદ વારસી) આ ચોથા ભાગમાં ફરી એકવાર પોતાની અનોખી અંદાજમાં ધમાલ મચાવવા પાછા આવી રહ્યા છે. પણ ટ્વિસ્ટ જરા હટકે છે! આ કોઈ રેગ્યુલર સિક્વલ નથી, પણ પહેલી ફિલ્મની 'પ્રિક્વલ' (એટલે કે ભૂતકાળની ફ્લેશબેક સ્ટોરી) બનવાની છે. અને આ મસ્તીભર્યા કોર્ટરૂમ ડ્રામામાં વકીલોની દલીલો પર હસાવવા અને ન્યાય તોળવા માટે માસ્ટર ડિરેક્ટર ઉમેશ શુક્લા કમાન સંભાળી રહ્યા છે!

અંદરના સૂત્રોનું માનીએ તો આ ફિલ્મના પેપરો તૈયાર થઈ ગયા છે અને કેમેરા ઓન થવાની તૈયારીમાં જ છે. શૂટિંગ સ્પીડ પકડીને એકદમ ફુલ સ્પીડમાં ચાલવાનું છે અને જાન્યુઆરી 2027 સુધીમાં તો આ કાનૂની જંગનું શૂટિંગ પૂરું થઈ જવાનો પણ અંદાજ લગાવી લેવામાં આવ્યો છે.

હવે અસલી લોચો ત્યાં પડે છે કે જ્યારે આ ફિલ્મ પહેલી ફિલ્મની પ્રિક્વલ જ બનવાની છે, તો સવાલ એ થાય કે શું તેમાં અક્ષય કુમાર જોવા મળશે ખરા?

આ સવાલ પર અત્યારે સસ્પેન્સનો એવો જાડો પડદો છવાયેલો છે કે બોલિવૂડના મોટા-મોટા પંડિતો પણ હાથ ઊંચા કરી દીધા છે. શું અક્ષય ભાઈ અરશદ વારસી માટે ખુશી-ખુશી સ્ટેપ સાઈડ પર ખસી જશે? કે પછી મેકર્સ સિનેમાઘરોમાં કોઈ જબરદસ્ત સરપ્રાઈઝ બોમ્બ ફોડવાના પ્લાનમાં છે? અક્ષયની ગેરહાજરી ફેન્સ માટે મોટો ઝટકો સાબિત થઈ શકે છે, પણ અરશદ વારસીની વાપસીની આશા પણ એટલી જ જોરદાર છે.

બોલિવૂડના આ ફિલ્મી ન્યાયાલયમાં આગળ શું નવો ટ્વિસ્ટ આવે છે અને જજ સાહેબ શું ચુકાદો આપે છે, એ તો આવનાર સમય જ કહેશે!

તબ તક કે લિયે... જજ સાહેબ, અગલી તારીખ પડતી હૈ! •